**(1) જૈવવિવિધતાના આંતરરાષ્ટ્રીય દિવસ (International Day Of Biodiversity-IDB) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ દિવસ 'કન્વેન્શન ઓન બાયોલોજીકલ ડાયવર્સિટી' અપનાવવાની યાદી તરીકે ઊજવવામાં આવે છે.

(2) વર્ષ 2020 માટે આ દિવસની થીમ 'Our Solutions are in Nature' છે.

(3) વર્ષ 2021ને 'સુપર યર ફોર બાયોડાયવર્સિટી' તરીકે ઉજવવામાં આવશે.

(4) ભારતમાં આ દિવસે બાયોડાયવર્સિટી સંરક્ષણ ઈન્ટર્નશીપ પ્રોગ્રામ નામની પહેલ લોન્ચ કરવામાં આવી છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ સંયુકત રાષ્ટ્ર દ્વારા 22 મે ને જૈવવિવિધતાનો આંતરરાષ્ટ્રીય દિવસ જાહેર કરવામાં આવેલો છે.

⇛ 22 મે, 1992ના રોજ કન્વેન્શન ઓન બાયોલોજીકલ ડાયવર્સિટી અપનાવવામાં આવેલ હોવાથી 22 મે એ આ દિવસ ઊજવવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ વર્ષ 2020 માટે આ દિવસની થીમ : **Our Solutions are in Nature** રાખવામાં આવી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ઉપરાંત વર્ષ 2020ને 'સુપર યર ફોર બાયોડાયવર્સિટી' તરીકે પણ ઊજવવામાં આવી રહ્યું છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ દિવસની ઊજવણી તરીકે ભારતમાં નેશનલ બાયોડાયવર્સિટી ઓથોરિટી દ્વારા 'બાયોડાયવર્સિટી સંરક્ષણ ઈન્ટર્નશીપ પ્રોગ્રામ' ચલાવવામાં આવેલ છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ દિવસે વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર દ્વારા જાગૃતતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) નાઈલ નદી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) બ્લૂ નાઈલ તથા વાઈટ નાઈલ નદી ભેગી થતાં તે નાઈલ નદી તરીકે ઓળખાય છે.

(2) આ નદી રાતા સમુદ્ર (Red Sea)માં પોતાનું પાણી ઠાલવે છે.

(3) પ્રાચીન ઈજિપ્તના મોટા ભાગના ઐતિહાસીક તથા સાંસ્કૃતિક સ્થળો આ નદીના કાંઠેથી મળી આવે છે.

(4) તાજેતરમાં ઈથિયોપીયા અને ઈજિપ્ત વચ્ચે આ નદી પર ડેમ બનાવવાની બાબતે મતભેદો ચાલી રહ્યા છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ ઈથિયોપીયા આફ્રિકાનો સૌથી મોટો ડેમ 'ગ્રાન્ડ રેનેસાંસ ડેમ' નાઈલ નદી પર બનાવવા ઈચ્છે છે પરંતુ ઈજિપ્ત દ્વારા આ પ્રોજેક્ટનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇛ નાઈલ નદી બે નદીના ભેગા થવાથી બને છે. આ બે નદીઓ બ્લૂ નાઈલ તથા વાઈટ નાઈલ છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ આ નદીને આશરે **80%** પાણી બ્લૂ નાઈલ નદીમાંથી મળે છે.

⇛ આ નદીનો ઉત્તર તરફનો ભાગ સુદાનના રણમાંથી પસાર થાય છે અને ઈજિપ્તમાં પ્રવેશે છે. ઈજિપ્તમાં ભૂમધ્યસમુદ્રના કિનારે આ નદી એક મોટો ડેલ્ટા બનાવે છે ત્યાં તે પોતાનું પાણી ઠાલવે છે. (આથી, વિધાન **(2)** ખોટું છે.)

⇛ ઈજિપ્તની સંસ્કૃતિ તથા સુદાનનું સામ્રાજ્ય પ્રાચીન સમયથી આ નદી પર આધારિત છે.

⇛ પ્રાચીન ઈજિપ્તમાં મોટા ભાગના ઐતિહાસિક તથા સાંસ્કૃતિક સ્થળો આ નદીના કાંઠેથી જ મળી આવે છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (3) ઈરાવડી ડોલ્ફીન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) ભારતના જળાશયોમાં જોવા મળતી ડોલ્ફીનની પ્રજાતિઓ પૈકી ઈરાવડી ડોલ્ફીનની સંખ્યા સૌથી વધુ છે.
(2) આ ડોલ્ફીન મુખ્યત્વે ખારાશ પડતા પાણીમાં જોવા મળે છે.
(3) ભારતમાં ઈરાવડી ડોલ્ફીન મુખ્યત્વે ચિલિકા સરોવરમાં જોવા મળે છે.
(4) વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, 1972 અંતર્ગત તેને અનુસૂચિ-1 (Schedule I)માં વર્ગીકૃત કરવામાં આવેલ છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ભારતમાં ડોલ્ફીનની મુખ્ય 6 પ્રજાતિઓ જોવા મળે છે. જે પૈકી ઈરાવડી ડોલ્ફીનની સંખ્યા સૌથી ઓછી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ ગંગા નદીની ડોલ્ફીન એ તાજા પાણીની ડોલ્ફીનની પ્રજાતિ છે, જે મુખ્યત્વે સુંદરબન નદી પ્રણાલિ અને બ્રહ્મપુત્રા નદીમાં જોવા મળે છે.

⇛ અન્ય તરફ ઈરાવડી ડોલ્ફીન મુખ્યત્વે ખારાશ પડતા પાણીમાં જોવા મળે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ ડોલ્ફીન ભારતમાં મુખ્યત્વે ચિલિકા સરોવરમાં જોવા મળે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારતમાં ચિલિકામાં આશરે 146 ઈરાવડી ડોલ્ફીન હોવાનું જાણવા મળ્યું છે.

⇛ ભારતમાં આ પ્રજાતિને સંરક્ષણ આપવા માટે તેને વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, 1972ની અનુસૂચિ-1માં વર્ગીકૃત કરવામાં આવેલ છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) H9N2 વાયરસ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે ઈન્ફ્લુએન્ઝા A વાયરસનો પેટા પ્રકાર છે.
(2) તેના દ્વારા માણસને તથા પક્ષીઓને ફ્લુ થઈ શકે છે.
(3) માણસમાં તેના ચેપના બનાવો જૂજ હોય છે.
(4) આ વાયરસનો માણસમાં પ્રથમ કેસ 1998માં હોંગકોંગમાં નોંધાયો હતો.

(A) માત્ર (1)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ H9N2એ ઈન્ફ્લુએન્ઝા A વાયરસનો પેટા પ્રકાર છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ વાયરસ દ્વારા પક્ષી તથા માણસ બન્નેને ફ્લુ થઈ શકે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ વાયરસ સમગ્ર વિશ્વમાં જંગલી પક્ષીઓમાં જોવા મળે છે તથા કેટલાંક દેશોના મરઘાપાલન ક્ષેત્રમાં પણ સ્થિર થયેલો છે.

⇛ માણસમાં આ વાયરસનો ચેપ જૂજ રીતે જોવા મળે છે પરંતુ તેના ખૂબ જ મંદ લક્ષણોના લીધે તેના નોંધાયેલા કેસની સંખ્યા પણ ઓછી હશે તેમ ધારવામાં આવ્યું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ હોંગકોંગ, ચીન, બાંગ્લાદેશ, પાકિસ્તાન તથા ઈજિપ્તમાં આ ચેપના માણસમાં ફેલાવા જોવા મળેલાં છે.

⇛ આ વાયરસનો માણસમાં પ્રથમ કેસ 1998માં હોંગકોંગમાં નોંધાયો હતો. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) ઉત્તર-પૂર્વનની કાઉન્સીલ માટે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેની સ્થાપના સંસદના કાયદા દ્વારા કરવામાં આવી હતી.

(2) ઉત્તર–પૂર્વ વિસ્તારના આર્થિક–સામાજિક વિકાસ માટેની તે નોડલ એજન્સી છે.

(3) ઉત્તર–પૂર્વ વિસ્તારના વિકાસ માટેના મંત્રી આ કાઉન્સીલના ચેરમેન હોય છે.

(4) શરૂઆતમાં સિક્કિમ આ કાઉન્સીલમાં સમાવિષ્ટ ન હતું.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) માત્ર (1) અને (3)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ ઉત્તર–પૂર્વ કાઉન્સીલ (NEC-North Eastern Council)ની સ્થાપના સંસદના ઉત્તર–પૂર્વ કાઉન્સીલ અધિનિયમ, 1971 હેઠળ કરવામાં આવી હતી. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેની સ્થાપના એક વૈધાનિક સલાહકારી સંસ્થા તરીકે કરવામાં આવી હતી.

⇛ આ કાઉન્સીલ 7 નવેમ્બર, 1972માં શિલોંગમાં અસ્તિત્વમાં આવી હતી.

⇛ સિક્કિમને વર્ષ 2002માં આ કાઉન્સીલમાં ઉમેરવામાં આવ્યું હતું. અગાઉ તે આ કાઉન્સીલમાં સમાવિષ્ટ ન હતું. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ જૂન 2018થી ઉત્તર–પૂર્વ વિસ્તારના વિકાસ માટેના મંત્રીના સ્થાને ગૃહમંત્રીને આ કાઉન્સીલનું ચેરમેન પદ આપવામાં આવેલ છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ કાઉન્સીલ ઉત્તર–પૂર્વ વિસ્તારના આર્થિક–સામાજિક વિકાસ માટેની નોડલ એજન્સી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT